ગાંધીનગર સમાચાર

# માણસા તાલુકામાં ૩૧ ઈંટવાડાઓ ગેરકાયદેસર



**હર હર મહાદેવ** - શ્રાવણ માસના સોમવારની સંધ્યાએ બ્રહ્મભવન પ્રાંગણમાં સોમનાથ દાદાની મહાઆરતી યોજાઈ હતી... ભાવિકોએ ભાવપૂર્વક ભોળાનાથનું પૂજન - અર્ચન કરી આરતી ઉતારી હતી... શહેરના શીવાલયો સોમવારના દિવસ દરમિયાન શીવનાદથી ગાજતા રહ્યા હતા... (તસવીર : દિપક જાની)

# વન વિભાગ દ્વારા જિલ્લામાં ૯ લાખ વૃક્ષોનુ વાવેતર કરાયુ

**લીમડો, કરંજ, પીકોમા, નીલગીરી સહિતના વૃક્ષોની વાવણી કરી : શહેરમાં પણ ૧ લાખ વૃક્ષોની વાવણી હવે પેલ્ટો ફોરમના વૃક્ષો ઉછેરવામાં આવશે નહી**

ગાંધીનગર તા ૩૧

ચોમાસા દરમિયાન વન વિભાગ દ્વારા જિલ્લામાં ૯ લાખ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર શહેરમાં પણ ૧ લાખ જેટલા વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યુ છે. વન વિભાગ દ્વારા નીલગીરી કરંજ લીમડો પેલ્ટો ફેરમ સહિતના વૃક્ષોની વાવણી કરવામાં આવી છે. આગામી વર્ષથી વન વિભાગ દ્વારા પેલ્ટો ફેરમના વૃક્ષો વાવશે નહી.

ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં વૃક્ષોની બેફામ કટોતી થતા શહેરની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. વિકાસના નવા આયામોના લીધે શહેરમાં સેંકડો વૃક્ષો કપાય છે. જયારે વસ્તરતા રોડ નેટવર્કના લીધે પણ હરિયાળીનુ નિકંદન વળી રહયુ છે. આવા સંજોગોમાં નગરજનો વૃક્ષો ઉછેરવાના મામલે વધુ જાગૃત બન્યા છે. જો કે ગ્રીનસીટીની આગવી ઓળખ પરત મેળવવા માટે ઘણુ કરવાનુ ઘટે છે. આવા સંજોગોમાં વૃક્ષોની વાવણીની સાથે વૃક્ષોનુ જતન અને જાળવણી પણ અત્યંત મહત્વનુ પરિબળ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.



ચોમાસાના વરસાદી દિવસો દરમિયાન વન વિભાગ દ્વારા જિલ્લામાં વનિકરણ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના અંતે જિલ્લામાં તંત્ર દ્વારા ૯ લાખ જેટલા વૃક્ષોની વાવણી કરવામાં આવી છે. વન તંત્રના જણાંવ્યા મુજબ જિલ્લાના વિવિધ વિસ્તારો ઉપરાંત શહેરી વિસ્તારમાં પણ ૧ લાખ જેટલા વૃક્ષોની વાવણી કરવામાં આવી છે. વનિકરણ દરમિયાન લીમડો ,નિલગીરી ,કરંજ,પીકોમા, કણજી, તેમજ પેલ્ટો ફેરમ સહિતના વૃક્ષોની વાવણી કરવામાં આવી છે. જો કે ગત વરસાદી દિવસોમાં જિલ્લામાં પેલ્ટો ફેરમના સેંકડો વૃક્ષો ધરાશાયી થતા તકલાદી મનાતા આ વૃક્ષો આગામી ચોમાસા દરમિયાન પેલ્ટો ફોરમના વૃક્ષોનુ વાવેતર નહી કરવાનો નિર્ણય લીધો છે.

# શહેરમાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે

**સિવિલમાં છેલ્લા સપ્તાહમાં કમળાના ૨૯ અને ટાઈફોઈડના ૧૦ કેસ નોંધાયા : છુટા છવાયા મેલેરીયા-ડેન્ગ્યુના કેસો પણ નોંધાયા : પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનો જૂનો રાગ આલાપતુ તંત્ર**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે તો વાહકજન્યના દર્દીઓ છુટા છવાયા મળી રહ્યા છે જેને લઈ આરોગ્યતંત્ર હરકતમાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહમાં જ કમળાના ૨૯ અને ટાઈફોઈડના ૧૦ કેસ નોંધાયા છે. જો કે આખા મહિના પર નજર કરીએ તો કમળાના કેસોની સંખ્યા ૧૦૦ની આસપાસ થાય છે. જયારે ટાઈફોઈડના કેસોની સંખ્યા પણ ૪૦ની આસપાસ થાય છે.

જોકે આરોગ્ય તંત્ર સબ સલામતની ભૂંગળ વગાડી રહેલ છે. કલોલ પંથકમાં પણ કમળો, ઝાડા-ઉલ્ટી અને ટાઈફોઈડના કેસો મોટી સંખ્યામાં છે. તંત્ર દ્વારા માત્ર સર્વેલન્સ ચાલી રહ્યાની વાતો કરી વિગતો વિશે મૌન સેવવામાં આવી રહ્યું છે તેમજ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાની વાત કરવામાં આવે છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ મેલેરિયાના કેસો છુટા છવાયા મળી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં મેલેરીયાના ૩૦ કેસ તેમજ ડેન્ગ્યુના ૮ કેસ નોંધાયા છે.

# ગાંધીનગરની બસો હજુ કૃષ્ણનગર અને નરોડા વિસ્તારમાં દોડતી નથી

## મુસાફરોને છેલ્લા પાંચ દિવસથી બસ સેવા મળતી નથી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર અમદાવાદ રૂટ વચ્ચેનો બસ વ્યવહાર સામાન્ય થયા બાદ પણ હજુ કેટલાક વિસ્તારોમાં બસ સેવા ઉપલબ્ધ ન થતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. અમદાવાદના કૃષ્ણનગર , નરોડા તેમજ જશોદાનગર વિસ્તારમાં એસ ટી ની બસો દોડતી નથી.

પાટીદાર આંદોલ હીંસક બનતા રાજયમાં બસો સળગાવી દેવાના બનાવો બનતા એસ ટી નિગમને કરોડો રૂપિયાની ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. જયારે પાટીદાર આંદોલનથી પ્રભાવિત બસ સેવાના લીધે મુસાફરોએ પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. બે દિવસ સુધી એસ ટી બસ સેવા બંધ રાખવામાં આવી હતી.ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટ ઉપરાંત કર્મચારીઓની પોઈન્ટ બસ સેવા પણ ઠપ્પ થઈ ગઈ હતી. ત્યારબાદ એસ ટી નિગમ દ્વારા રૂટીન બસ વ્યવહાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. પરંતુ અમદાવાદના કેટલાક વિસ્તારો જેવા કે કૃષ્ણનગર, નરોડા અને જશોદાનગર વિસ્તારોમાં હજુ મુસાફરો એસ ટી સેવાથી વંચિત હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

# માણસા તાલુકામાં ૩૧ ઈંટવાડાઓ ગેરકાયદેસર

**૧૬ જેટલા કિસ્સામાં બીન ખેતીના કેસોમાં તંત્ર દ્વારા અભિપ્રાયો સમયમર્યાદામાં ના મળતાં આ કેસોને મંજૂર કરાશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં જ ૩૧ જેટલા ગેરકાયદે ઈંટવાડાઓ ૭૦ હજાર ચો.મી. જેટલા વિસ્તારમાં શરૂ કરાતાં તંત્રએ આ જમીન માલિકોને ૪૦ પટનો દંડ વસુલવા અને સવાલવાળી જગ્યાઓ પરથી અનધિકૃત દબાણો દૂર કરવામાં આવે તેવી ભલામણ સાથેનો નિર્ણય લેવાની સત્તા સામાન્ય સભા પર છોડી છે.

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે ઈંટોના ભઠ્ઠાઓનો મુદ્દો ફેબ્રુઆરી-૨૦૧૫માં સામાન્ય સભામાં ચમક્યો હતો. આ માટે સભ્યો દ્વારા સ્થળ તપાસ કરવા માટેનો નિર્ણય લેવામાં આવેલ જે પૈકી માણસા તાલુકામાં આવો કાર્યક્રમ નિયત કરી તપાસ કરી તા.વિ.અ. એ આ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરી સામાન્ય સભામાં રજુ કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ ગેરકાયદે ઈંટોના ભઠ્ઠાઓ ૨૦૧૩-૧૪થી કાર્યરત છે, અને ૭૦ હજાર ચો.મી. કરતાં પણ વધુ જમીન પર આ ઈંટવાડો ચાલી રહ્યો છે.

આગામી ૪થી સપ્ટેમ્બરના રોજ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલની અધ્યક્ષતામાં મળનારી સામાન્ય સભામાં આ અહેવાલ રજુ કરાશે અને તેના પર આખરી નિર્ણય સામાન્ય સભા લેશે.

સામાન્ય સભા જો સમિતિની આ ભલામણનો સ્વીકાર કરશે તો તાત્કાલિક દબાણો દૂર કરવાની કામગીરી અને દંડનીય કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

દરમ્યાન આજ સામાન્ય સભામાં મુંબઈ જમીન મહેસુલ કાયદો ૧૮૭૯ની કલમ ૬૫ હેઠળના બિન ખેતીની અરજીઓ પર વિવિધ તંત્ર દ્વારા સમયસર અભિપ્રાય ના મળતાં ૨૬ જેટલા અરજદારોની બીન ખેતીની માંગણી મંજૂર કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગર યોજના વિભાગમાં ૪ અધિકારીઓ વય નિવૃત

**કર્મચારીઓએ શુભેચ્છા પાઠવી : પાટનગર યોજના ભવનમાં માટાભાગની જગ્યાઓ ખાલી મેન પાવરનો અભાવ વહીવટને વિપરિત અસર**

ગાંધીનગર તા ૩૧

પાટનગર યોજના ભવનમાં આજે ચાર અધિકારીઓ વય નિવૃત થતા કર્મચારીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી. પાણી ગટર તેમજ રસ્તા સહિતના કામોની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના ભવનમાં મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં છે. ત્યારે એક જ દિવસે અન્ય ચાર અધિકારીઓ વય નિવૃત થતા અધિકારીઓની ચેમ્બરો પણ સાવ ખાલીખમ ભાસે છે. શહેરમાં મહાત્મા મંદિર સહિતના પ્રોજેકટની જવાબદારી સંભાળતા ડીવિઝન ૪ના કાર્યપાલક ઈજનેર તેમજ પાણી વિભાગના ડેપ્યુટી એન્જીનિયર પણ આજે વયનિવૃત થયા હતા.

ગાંધીનગરમાં પાણી ગટર તેમજ રસ્તા સહિતના અન્ય વિકાસના કામોની જવાબદારી જેના શીરે છે. તેવા પાટનગર યોજના ભવનના વહીવટમાં સુનકાર પ્રવર્તયો છે. પાટનગર યોજના ભવનમાં અધિકારીઓ તેમજ કર્મચારીઓના નિવૃતિ દૌર બાદ મેન પાવરના નામે મીંડુ છે. જયારે મોટાભાગની જગ્યાઓ પણ ચાર્જમાં છે. આજે પણ ભવનના ૪ અધિકારીઓ વય નિવૃત થતા અન્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓએ તેમનો શુભેચ્છાઓ પાઠવી હતી. ડિવિઝન ચારના કાર્યપાલક ઈજનેર જી કે શાહ પણ આજે વય નિવૃત થયા હતા. મહાત્મા મંદિર,કર્મયોગી ભવન,સહયોગ સંકુલ, સે-૨૧ જીમખાના,તેમજ આર ટી ઓ કચેરી સહીતના નવનિર્મિત મકાનો બાંધવાનુ કામ તેમના ફરજ કાર્યકાળ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર



**ગાંધીનગરનું ગગન** - સોમવારની સવારથી જ ગાંધીનગરનું ગગન ચોખ્ખુ ચણાક રહ્યું હતું.... જ્યારે પાડોશી વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા ત્યારે ગાંધીનગર કોરુધાકોર રહ્યું... નગરજનોના મનમાં સોમવાર ભીનોભીનો જશે એવી આશા દિવસના અંતે પણ ઠગારી નીવડી હતી.... (તસવીર : દિપક જાની)

# ગેટ-૨૦૧૬ માટે આજથી ઓનલાઈન અરજી કરી શકાશે

અમદાવાદ, તા.૩૧

કોઈ પણ ઈજનેરી વિદ્યાશાખાની ડિગ્રી મેળવ્યા બાદ અનુસ્નાતક કક્ષાએ આઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી)માં પ્રવેશ મેળવવા ગેટ (ગ્રેજ્યુએટ એટિટ્યુટ ટેસ્ટ ઈન એન્જિનીયરીંગ)ની પરીક્ષા લેવામાં આવે છે. આગામી વર્ષે આ પરીક્ષા ૩૦ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમિયાન દેશભરમાં યોજવામાં આવશે. જેમાં ભાગ લેવા માટે આવતીકાલથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે.પ્રાપ્ત થતી માહિતી મુજબ ઈજનેરી કોલેજમાં કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી મેળવ્યા બાદ અનુસ્નાતક એટલે કે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાની ડિગ્રી, આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાંથી મેળવવી હોય તો ગેટની પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે. જેનાં કારણે દેશભરની ઈજનેરી કોલેજનાં પાંચમાં અને સાતમાં સોમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે. ત્યારે આગામી વર્ષે આ પરીક્ષા ૩૦ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી-૨૦૧૬ 'દરમિયાન લેવામાં આવે તેવી શક્યતા છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટેશનની પ્રક્રિયાનો આવતીકાલથી પ્રારંભ થશે. વિદ્યાર્થીઓ ૧ સપ્ટેમ્બર સુધીમાં પોતાનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ત્યાર બાદ અરજી કરનાર ઉમેદવારોવ ૧૭ ડિસેમ્બર-૨૦૧૫પછી પોતાનાં એડમિડ કાર્ડ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે.જ્યારે પરીક્ષાનું પરિણામ ૧૯ માર્ચ ૨૦૧૬નાં રોજ જાહેર કરવામાં આવશે. ગેટ-૨૦૧૬ની પરીક્ષાને ધ્યાનમાં રાખીને કેટલાક મહત્વપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

# વૃક્ષો દુર કરવામાં હજુ પંદર દિવસ લાગશે


**વન વિભાગ પાસે મજુરો નથી : દોઢ મહિનાના અંતે પણ ઘણાં વૃક્ષો યથાવત સ્થિતિમાં પડયા છે**

ગાંધીનગર, તા ૩૧

ગત જુલાઇ મહિનામાં તોફાની વરસાદમાં શહેરમાં ધરાશાયી થયેલા વૃક્ષો હજુ સુધી દુર હટાવી શકાયા નથી જેના પરિણામે નાગરિકોને પારાવાર હાલાકી ભોગવવી પડે છે. જયારે વૃક્ષો દુર કરવા માટે વન વિભાગને મજુરો ન મળતા કામગીરી વિલંબમાં પડી હોવાનો એકરાર વિભાગે કર્યો છે. શહેરમાંથી વૃક્ષો દુર કરવાનુ કામ પૂર્ણ થતા હજુ ૧૫ દિવસનો સમય લાગશે. જમીન દોસ્ત થયેલા વૃક્ષોના લાકડાનુ વિભાગ દ્વારા વેચાણ કરવામાં આવશે.

શહેરમાં ગત જુલાઇ મહિના દરમિયાન આવેલી વરસાદી આંધીમાં ગાંધીનગર જિલ્લામાં ૨૭૦૦ જેટલા વૃક્ષો જમીનદાસ્ત થયા હતા. જેના પરિણામે નજર નાંખો ત્યાં વૃક્ષો આડશ બન્યા હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે આ સ્થિતિ વચ્ચે વન વિભાગની ટીમ વૃક્ષો દુર કરવા કામે લાગી હતી.પરંતુ એક મહિનાથી પણ વધુ સમયના અંતે નગરમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો યથાવત સ્થિતિમાં જોવા મળે છે. રહેણાંક વિસ્તારમાં પણ કેટલાક ઠેકાણે વૃક્ષો દુર કરી શકાયા નથી ત્યારે ફુટપાથની આજુ બાજુ પણ વૃક્ષો નમી પડેલા જોવા મળી રહયા છે. વન વિભાગ દ્વારા સમયસર વૃક્ષો દુર કરી શકાયા નથી જેના પરિણામે આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. હાલની સ્થિતિએ વૃક્ષો હટાવવાની કામગીરી માટે વન વિભાગ પાસે મજુરો ન હોવાથી વિલંબ થઈ રહયો છે.

વન વિભાગના તંત્રના સુત્રોમાંથી માહીતી મળ્યા મુજબ વૃક્ષો દુર કરવાની કામગીરી પૂર્ણ થતા હજુ પણ ૧૫ દિવસ જેટલો સમય લાગશે. ધરશાયી થયેલા વૃક્ષોના લાકડાનુ વેચાણ કરવામાં આવશે. વૃક્ષો ધરાશાયી થયાના દોઢ મહીના બાદ પણ માર્ગ પર અવરાધો દુર કરી શકાયા નથી.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com